KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૬ અંક: ૮૫ માસ: નવેમ્બેર ૨૦૨૫

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

KKM–IBM Skills Build ડિજિટલ કૌશલ્ય વિકાસ તાલીમ

દાણી ફાઉન્ડેશનના સહયોગથી, KKM અને EDUNET Foundation દ્વારા IBM Skills Build પ્રોગ્રામ અંતર્ગત ૧૨ દિવસીય ડિજિટલ કૌશલ્ય વિકાસ તાલીમ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાઈ. આ તાલીમનો હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વહીવટી સ્ટાફને આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ કૌશલ્યોમાં સજ્જ કરવાનો હતો. પ્રારંભિક ઓરિએન્ટેશનમાં કોલેજના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પછી કાર્યક્રમ બે માધ્યમમાં યોજાયો – ઓફલાઇન વર્ગખંડ તાલીમ અને IBM Skills Build ના ઓનલાઇન લર્નિંગ મોડ્યુલ્સ. ઓફલાઇન તાલીમમાં ૧૨૩ શિક્ષકો, ૧૭ વહીવટી સ્ટાફ અને ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઓનલાઇન માધ્યમ દ્વારા ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ IBM પ્લેટફોર્મ પર વિવિધ અભ્યાસક્રમો પૂર્ણ કર્યા. તાલીમમાં ચાર મુખ્ય વિષયો જેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડિઝાઇન થિંકિંગ, ડિજિટલ લિટરસી અને માઇક્રોસોફ્ટ ઓફિસ પર પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્યક્રમનું સમાપન “KKM–IBM Skills Build Skilling Showcase 2025” નામથી ૨૭ સપ્ટેમ્બરે યોજાયું, જેમાં સહભાગીઓને KKM અને IBM પ્રમાણિત સર્ટિફિકેટ આપવામાં આવ્યા. સમારોહમાં કેકેએમના પ્રમુખ માનનીય ડૉ. કુંડલિયા,
મંત્રીશ્રીઓ ગોપાલભાઈ, અનંતભાઈ, IBM ના CSR મેનેજર સુશ્રી સ્નેહા લક્ષ્મણ અને પ્રોગ્રામ ડિરેક્ટર સુશ્રી શેફાલી ગૌર ઉપસ્થિત રહ્યા. આ મંચ પરથી દાણી ફાઉન્ડેશન તથા EDUNET Foundation નો વિશેષ આભાર વ્યક્ત કરાયો. આ પહેલે શિક્ષકો અને વિદ્યાર્થીઓને ડિજિટલ યુગ માટે તૈયાર કરી સ્વરોજગાર અને નોકરીની નવી તકો માટે સક્ષમ બનાવ્યા.





છોટી પાઠશાલાની સિદ્ધિ – ધોરણ 10માં 67% સાથે સફળતા



કપડવંજ કેળવણી મંડળ દ્વારા છેલ્લા બે વર્ષથી “છોટી પાઠશાળા” પ્રોજેક્ટ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. હાલમાં આ પ્રોજેક્ટ મારવાડી વાસ, હરિજન વાસ, ગોપાલપુરા અને માતરીયા, એમ ચાર વિસ્તારોમાં ચાલે છે, જ્યાં કુલ 100 જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પછાત અને આર્થિક રીતે નબળા વર્ગના એવા બાળકોને શિક્ષણની તક પૂરી પાડવાનો છે, જેઓ ટ્યુશન ફી ચૂકવી શકતા નથી અથવા શાળાના સમય બાદ પણ શીખવાની ઈચ્છા ધરાવે છે. છોટી પાઠશાળામાં બાળકોના વાંચન, લેખન અને ગણન કૌશલ્યના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે, જેથી તેઓ શૈક્ષણિક રીતે મજબૂત બને અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે.

મારવાડીવાસના વિદ્યાર્થી પ્રથમ સમીરભાઈ લુહાર વર્ષ 2024-25 માં ધોરણ 10 માં અભ્યાસ કરતા હતા. આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવા છતાં તેમણે શિક્ષણ પ્રત્યેની લગન સાથે આગળ વધવાનો પ્રયત્ન કર્યો. તેમના પિતા છરી વેચવાનો નાનો ધંધો કરે છે અને માતા ઘરકામ કરીને પરિવારને સહારો આપે છે. પ્રથમ માત્ર છોટી પાઠશાલામાં ટ્યુશન માટે આવતા અને દિવસના 4 થી 5 કલાક તૈયારી કરતા. ખાસ કરી સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવા વિષયોમાં તેમને મુશ્કેલી અનુભવાતી ત્યારે છોટી પાઠશાળાના વોલેન્ટિયર સચિનભાઈએ તેમને માર્ગદર્શન આપી મદદ કરી. નિયમિત અભ્યાસ અને સચિનભાઈની મદદ અને કપડવંજ કેળવણી મંડળના સ્પોર્ટથી પ્રથમે ધોરણ 10 ની બોર્ડ પરીક્ષામાં 67% ગુણ મેળવી સફળતા મેળવી છે. આ સિદ્ધિ માત્ર પ્રથમ અને તેમના પરિવાર માટે જ નહીં પરંતુ છોટી પાઠશાલાના કાર્ય માટે પણ એક ગૌરવપૂર્ણ છે. આ દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન અને મહેનતથી બાળકો પોતાના સપના સાકાર કરી શકે છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૬ અંક: ૮૫ માસ: નવેમ્બર ૨૦૨૫

શ્રી સી.એન.વિદ્યાલય

ભૂતપૂર્વ વિદ્યાર્થીની અનોખી ભેટ – શાળાનું ગૌરવ વધારતું યોગદાન



સુણદા ગામના વતની શ્રી ચીમનભાઈ 1960માં શ્રી સીએન વિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા. I P C L કંપનીમાં સેવા આપ્યા બાદ હાલ 83 વર્ષની ઉંમરે બરોડામાં નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. ધર્મપત્ની મધુબેન સાથે શાળાની મુલાકાત દરમિયાન તેમના શાળા જીવનના દિવસોને યાદ કરીને ખૂબ જ ભાવુક થયા હતા. તેમણે શ્રી સી એન વિદ્યાલયમાં સોલાર સિસ્ટમ બેસાડવા માટે એક લાખ રૂપિયા દાન આપ્યું છે. વાત વાતમાં તેમણે શ્રી સી એન વિદ્યાલયમાં ચાલતી નવચેતન પોષણ યોજના વિશે જાણ્યું. તેમના ધર્મપત્ની શ્રીમતી મધુબેનની પ્રેરણાથી તેમણે નવચેતન પોષણ યોજનાને બીજા 50,000 દાન આપ્યું. તેમણે જણાવ્યું કે તેઓએ જીવનમાં જે કંઈ પ્રાપ્ત કર્યું છે તે આ શાળાને કારણે છે અને માટે તેઓ શાળાનું ઋણ ચૂકવવા માટે પ્રયત્નશીલ છે. શાળાના તમામ કર્મચારી મિત્રો અને વિદ્યાર્થીઓ આ દાનવીર દંપતીના સ્વાસ્થ્ય પૂર્ણ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે.

નેશનલ સાયન્સ સેમિનારમાં જિલ્લા કક્ષાએ પ્રથમ



બાળકોમાં નવી ટેકનોલોજી અને સંશોધનો વિષે કુતુહલતા વધે તે હેતુથી નેસનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (Ministry of Culture, Govt. Of India) દ્વારા પ્રત્યેક વર્ષે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. જેનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી- GUJCOST (Dept. Of Science and technology, Govt. of Gujarat) અને ખેડા જીલ્લાનું સંકલન ડૉ. કલામ લોક વિજ્ઞાન કેન્દ્ર, ખેડા મારફતે કરવામાં આવે છે. તારીખ: 15-09-2025ના રોજ જીલ્લા લેવલના સાયન્સ સેમિનારનું આયોજન કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એન.વિધાલય શાળા ખાતે કરેલ હતું.

આ સેમિનારમાં ખેડા જિલ્લાની વિવિધ શાળાઓના 90થી વધુ વિદ્યાર્થીઓ અને 15 શિક્ષકોએ ભાગ લીધો હતો. આ વર્ષના સેમિનારનો મુખ્ય વિષય "ક્વોન્ટમ યુગનો આરંભ: સંભાવનાઓ અને પડકારો" હતો. વિદ્યાર્થીઓએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને ચાર્ટ-પોસ્ટર દ્વારા આ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં કપડવંજ કેળવણી મંડળની સંસ્થાઓ શ્રીમતિ સી. ડી. ગાંધી શાળા માંથી 5 વિધાર્થીઓ અને શ્રી સી. એન. વિધાલય ના 11 વિધાર્થીઓ ભાગ લીધેલ હતો. જેમાં શ્રી સી. એન. વિદ્યાલયના ધોરણ 10 માં ભણતી પ્રજાપતિ જિલ હિતેશકુમારે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જિલ્લા લેવલ પ્રથમ નંબર લાવી શાળા પરિવાર અને ગામનું ગૌરવ વધારેલ છે. વિજેતા વિદ્યાર્થી સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાનાર રાજ્યકક્ષાએ પણ પ્રથમ નંબર લાવી શાળા પરિવાર અને જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવે છે.

ત્રીસ વર્ષની અવિરત સેવાને વંદન – શ્રી એસ.એસ.પટેલ સાહેબનો વિદાય સમારંભ



તારીખ 15/10/2025 ના રોજ શ્રી સી.એન. વિદ્યાલયના શિક્ષક અને સુપરવાઇઝર શ્રી એસ.એસ. પટેલ સાહેબનો વિદાય સમારંભ યોજાયો હતો. ત્રીસ વર્ષથી વધુ સેવા આપ્યા બાદ તેમના વિદાય સમારંભમાં આશરે 65 પૂર્વ સહકર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃતના પંડિત અને સૌમ્ય સ્વભાવ ધરાવતા પટેલ સાહેબે શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આચાર્ય શ્રીએ નિવૃત્તિ પછી પણ તેમની સક્રિયતા જળવાય રહે એવી શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સી.એન. પરિવાર તેમની નિરોગી, દીર્ઘાયુ અને સુખમય જીવન માટે શુભકામનાઓ પાઠવે છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૬ અંક: ૮૫ માસ: નવેમ્બર ૨૦૨૫

શ્રી એસ.સી. દાણી પ્રાયમરી સ્કૂલ

કવિતાનો જીવંત અનુભવ

શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૪ ના ગુજરાતી વિષયમાં આવતી કવિતા "દુનિયા અમારી" અંતર્ગત દૃષ્ટિહીન વ્યક્તિની ઈશ્વરને કરેલી ભાવભીની અભિવ્યક્તિ વિશે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભૂતિ કરાવવા વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજના દૃષ્ટિહીન શિક્ષક શ્રી રમેશભાઈ પટેલ તથા સંસ્થામાં કાર્યરત શ્રી રજનીભાઈ ડબગરને આમંત્રિત કરવામાં આવ્યા. બંને મહેમાનોએ વિદ્યાર્થીઓ સમક્ષ દૃષ્ટિહીન વ્યક્તિઓના જીવન વિશે હૃદયસ્પર્શી માહિતી આપી – દૃષ્ટિહીન બાળક સાથેનું સંવેદનશીલ વર્તન, બ્રેઈલ લિપિ દ્વારા વાંચન, મતદાનમાં તેમની ભાગીદારી, મોબાઇલ તથા સ્પીચ સોફ્ટવેરનો ઉપયોગ અને સરકારશ્રીની વિવિધ સહાય યોજનાઓ વિશે સમજાવ્યું.સાથે જ બોર્ડની પરીક્ષા આપતી વખતે મળતી ખાસ વ્યવસ્થાઓ અંગે માર્ગદર્શન પણ આપ્યું.



વાલી મુલાકાત – લોકશાહીનો જીવંત પાઠ



શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલમાં ધોરણ 6ના ત્રણેય વર્ગોના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષયના “ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા” પ્રકરણ અંતર્ગત દંતાલી ગામના સરપંચ શ્રી હરેન્દ્રકુમાર અંબાલાલ રાઠોડએ ગ્રામ પંચાયત કેવી રીતે ગામની વ્યવસ્થા સંભાળે છે તે અંગે સરળ અને રસપ્રદ રીતે સમજાવી. તેમણે ગ્રામ પંચાયતના વિવિધ કાર્યો અને સરપંચની જવાબદારીઓ વિશે વિગતવાર માહિતી આપી. બાળકોના પ્રશ્નોના સરપંચશ્રીએ ખૂબ જ સરળ અને સ્પષ્ટતાપૂર્વક જવાબ આપ્યા. બાળકોએ ભારતીય રાજ્ય વ્યવસ્થામાં લોકશાહી સરકારના નાના એકમ તરીકે ગ્રામ પંચાયતના કાર્યોની સમજ કેળવી.

શ્રી સ્પંદન બાલ મંદિર

ગેલેરી વોક

શ્રી સ્પંદન બાલ મંદિરમાં બાળકો પાલતુ, જંગલી તેમજ જળચર પ્રાણીઓની ઓળખી કરી શકે તે હેતુસર ગેલેરી વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને તેમના રહેઠાણ, ખોરાક અને તેમના અવાજ વિશેની માહિતી આપી જમીન પર અને પાણીમાં બંનેમાં રહેતા પ્રાણીઓ વિષે સમજ આપી.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૬ અંક: ૮૫ માસ: નવેમ્બર ૨૦૨૫

શાળા બહારની શૈક્ષણિક મુલાકાત: વ્યવસાયકારો અને સમાજસેવકોનો જીવંત અનુભવ

શ્રી સ્પંદન બાલમંદિરમાં બાળકોને વ્યવસાયકારો, સમાજસેવકોનું પ્રત્યક્ષ જ્ઞાન મળે તે હેતુથી વિવિધ જાહેર સ્થળો જેવા કે નગરપાલિકા, જડાવબા શિશુ કેન્દ્ર, જે.બી મહેતા હોસ્પિટલ, ફાયર સ્ટેશન તેમજ બસ સ્ટેન્ડની મુલાકાત કરાવી. જેમાં દરેક સંસ્થાના અલગ અલગ વિભાગ તેમજ તેના કાર્યો વિશેની સમજ આપી. પ્રમુખ શ્રી વર્ષાબેન અને ચીફ ઓફિસર બીજલબેન પટેલે બાળકોને સરળ અને સ્પષ્ટ રીતે નગરપાલિકાના કાર્ય અને પ્રમુખના જવાબદારી વિષે માહિતી આપી. જડાવબા શીશુ કેન્દ્રમાં તેમના જેવા જ નાના બાળકો અભ્યાસ કરે છે તે સમજાવી ત્યાંથી જે. બી. મહેતા હોસ્પિટલમાં ગયા. ત્યાંના કર્મચારી તથા ડોકટરે બાળકોને વિવિધ વિભાગ અને તેના કાર્યો વિશે સમજાવ્યુ. પછી બાળકોને ફાયર સ્ટેશનમાં ફાયર બ્રિગેડ વિષે સમજાવી પ્રત્યક્ષ ડેમો બતાવ્યો. ત્યારબાદ બસ સ્ટેશનમાં પાસબારી, પૂછપરછ વિભાગ, પ્લેટફોર્મ માહિતી, એક્સપ્રેસ અને લોકલ બસનો તફાવત, કંડકટર અને ડ્રાઇવરના કાર્ય વિશે પણ સમજાવ્યું. ત્યારબાદ બસમાં જ બાળકોને શ્રી સ્પંદન બાલમંદિરના પટરાગણમાં ઉતર્યા.





શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

અંધારી રાતને પ્રકાશમય બનાવતો દિવસ એટલે દીપાવલી




શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં દીપાવલીની ભવ્ય ઉજવણી દરમિયાન વાઘ બારસથી લઈ ભાઈબીજ સુધીના તમામ તહેવારોનું મહત્વ સમજાવવામાં આવ્યું. બાળકોને ભગવાન શ્રીરામના અયોધ્યા પરત ફરવાના પ્રસંગ દ્વારા દીપાવલીનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ સમજાવાયું. બાલમંદિરનું આખું વાતાવરણ દીવાઓ અને રંગોળીની ઝગમગાહટથી ઉજળું બની ગયું. બાળકોએ સુંદર દીપાવલી ગીત પર આનંદપૂર્વક નૃત્ય રજૂ કર્યું. સાથે જ “સેફ દીપાવલી” – ફટાકડા વગરની સ્વચ્છ અને શાંતિપૂર્ણ ઉજવણીનો સંદેશ પણ આપવામાં આવ્યો.

ચોમાસાની મજા સાથે શીખવાની મઝા

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ચોમાસાની ઋતુની સમજ આપતા ચોમાસાનું આગમન, વરસાદના ફાયદા, પ્રકૃતિના થતા બદલાવ, શાકભાજી, ફળો, ચોમાસામાં ઉજવાતા તહેવારો, ચોમાસામાં ખવાતી ખાણીપીણી અને ચોમાસાની મજા વિશે સમજાવવામાં આવ્યું હતું. બાળકોએ પોતાના સર્જનાત્મક અંદાજમાં ચોમાસાના દ્રશ્યો જેમ કે વાદળો, વરસાદની બુંદો, છત્રી અને મેઘધનુષ આનંદપૂર્વક તૈયાર કર્યા. વાલીઓએ આ શૈક્ષણિક અને આનંદમય કાર્યક્રમની પ્રશંસા કરી.




KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૬ અંક: ૮૫ માસ: નવેમ્બર ૨૦૨૫

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ

હેલ્પર્સ ડે: સમાજના સહયોગીઓ પ્રત્યે આદર





શ્રી એમ. વી. પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં “હેલ્પર્સ ડે”ની ઉજવણી હેઠળ બાળકોને સમાજમાં વિવિધ સહાયક વ્યવસાયિકોની ઓળખ અને મહત્વ સમજાવવા વિશેષ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. બાળકો અલગ-અલગ વ્યવસાયિકો જેમ કે ડોક્ટર, નર્સ, પોલીસ, ફાયરમેન, ખેડૂત, સૈનિક, બ્યુટિશિયન, એસ્ટ્રોનૉટ વગેરે તૈયાર થઈને આવ્યા અને તેમની ભૂમિકાઓ અંગે માહિતી આપી. આ પ્રવૃત્તિથી બાળકોને સમજાયું કે સમાજમાં દરેક વ્યવસાયિકની એક અગત્યની ભૂમિકા હોય છે અને દરેકનો આદર કરવો જોઈએ.

ગ્રીન ડેની ઉજવણી







આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

"નોકરી શોધનારાથી નોકરી આપનારા બનો" - વિષય પર પ્રેરણાદાયક વ્યાખ્યાન

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (EDII), અમદાવાદ ખાતે ડૉ. વી.જી. પટેલ સ્મૃતિ વ્યાખ્યાન યોજાયું હતું. “From Job Seekers to Job Creators” વિષય પર આયોજિત આ કાર્યક્રમમાં દાણી કોલેજ અને શાહ કે.એસ. કોલેજના 175 વિદ્યાર્થીઓ અને 8 શિક્ષકોએ ભાગ લીધો. શ્રી સુબોધ ભાર્ગવે યુવાનોને ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને આત્મનિર્ભરતા તરફ પ્રેરિત કર્યું. તેમના સંબોધનથી વિદ્યાર્થીઓમાં સ્વરોજગારની દિશામાં વિચાર જાગૃત થયો. આ અવસર પ્રદાન કરવા બદલ ડૉ. કલામ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, ખેડાનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આવા કાર્યક્રમો યુવાનોમાં ઉદ્યોગસાહસિકતા વિકસાવી દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપે છે.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ६ अंक: ८५ मास: नवेम्बर २०२५

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સંસ્કૃતિક કેન્દ્ર

ગરબા હરિફાઈ

છેલ્લા ચાર વર્ષથી કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સંસ્કૃતિક કેન્દ્ર ગુજરાતી પરંપરાને ઉજાગર કરતી ગરબા સ્પર્ધા યોજે છે. આ સ્પર્ધાથી આપણા આનંદ અને ઉત્સાહને એક સુંદર મંચ મળે છે, આવો સાથે મળી તેને વધુ યાદગાર બનાવીએ. આપણી ભાગીદારીથી આ પરંપરા જીવંત બને છે, ચાલો, બધા મળીને ગુજરાતી પરંપરા, આનંદ અને ઉત્સાહ સાથે આ ગરબા સ્પર્ધાને એક સુંદર ઉત્સવ બનાવીએ.
નીચે જણાવેલ મોબાઈલ નંબર ૯૯૯૮૮૨૫૯૭૯ પર આજે જ સંપર્ક કરો અને નોંધણી કરાવો. આપનો પરિવાર અને મિત્ર મંડળ આ કાર્યક્રમ કપડવંજ કેળવણી મંડળની You Tube ચેનલ પર લાઇવ નિહાળી શકશે.

